ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટના મુખ્ય સમારોહ સ્થળ પર રંગરોગાનની સાથે સાથે સલામતિના કડક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. આ સંકુલને ફરતે સુરક્ષાની કિલ્લેબંધી ઉભી કરાશે. વિશ્વના વિવિધ દેશોમાંથી બે હજારથી પણ વધુ પ્રતિનિધિઓ આ સમીટમાં ભાગ લેવા આવનાર છે. આ સ્થળે ફાયર સેફટી, બોમ્બ સેફટી સહિત સલામતિના અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. પોલીસ પેટ્રોલીંગ પણ સઘન બનાવી દેવામાં આવ્યું છે. આમ ચાલી રહેલી ચોતરફી તૈયારીઓને વાચા આપતી તસવીરી ઝલક... (તસવીર : દિપક જાની)

પાટનગરમાં કોલ્ડવેવ છતાં શાળાના સમયમાં કોઈ ફેર નહી !

મોર્નિંગ સ્કૂલમાં ઠંડીમાં ઠુઠવાતા બાળકોની હાલત દયનીય : સમય બદલવા રજૂઆત થશે તો વિચારીશુ : જિલ્લા શિક્ષણાધિકારી

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં ગાત્રો થીજવી દેતી ઠંડીથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. પાટનગરમાં પણ કોલ્ડવેવની અસરથી વહેલી સવારે અને સાંજ ઢળતા જ માર્ગો પર સન્નાટો છવાઈ જાય છે. ઠંડીથી પ્રભાવિત શહેરોમાં શાળામાં વેકેશન જાહેર કરવા ઉપરાંત સમયમાં ફેરફાર કરી દેવાયો છે. શહેરમાં પણ ઠંડીનો પારો ૭ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયા બાદ કાતિલ ઠંડીના લીધે જનજીવન પ્રભાવિત થયું છે ત્યારે શહેરની મોર્નિંગ સ્કૂલોના સમયમાં ફેરફાર કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે જિલ્લા શિક્ષણ તંત્ર આ મામલે કોઈ રજૂઆત મળે ત્યારબાદ આદેશ જારી કરવાના મૂડમાં છે. બીજી તરફ રજૂઆતના અંતે પણ શાળાના સમય બદલવામાં આવતો ન હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી સમગ્ર રાજ્યમાં શીત લહેર ફેલાતા જનજીવન પ્રભાવિત થયું છે. કોલ્ડવેવની અસરથી બચવા નાગરિકો સાંજ ઢળતા જ ઘરમાં પુરાઈ જાય છે. કાતિલ ઠંડીના લીધે અમદાવાદ સહિતના શહેરમાં સ્કૂલના બાળકોને યુનિફોર્મમાં પણ જરૂરી છૂટછાટ આપવામાં આવી છે. આ ઉપરાંત શાળાના સમયમાં પણ જરૂરી ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યના પાટનગરમાં પણ ઠંડીનો કહેર વધતા બાળકોને મોર્નિંગ સ્કૂલનો ટાઈમ સાચવવાનું મુશ્કેલ બન્યું છે. સવારની પાળીમાં અભ્યાસ કરતા બાળકોને ઠંડીમાં ઠુંઠવાવું પડે તેવી સ્થિતિ છે. બાળકોની દયનીય હાલતને ધ્યાને લઈ મોર્નિંગ સ્કૂલના સમયમાં ફેરફાર કરવાની માંગ ઉઠવા પામી છે. જો કે જિલ્લા શિક્ષણ તંત્ર કક્ષાએથી શાળાના સંચાલકોને આ પ્રકારની કોઈ સૂચના આપવામાં આવી નથી. જિલ્લા શિક્ષણાધિકારી ગોસાઈના જણાવ્યા મુજબ આ સંદર્ભે કોઈ રજૂઆત મળી નથી, પરંતુ વાલીઓ દ્વારા શાળાનો સમય બદલવાની માંગણી કરાશે તો આ મામલે શિક્ષણ કચેરી કક્ષાએથી સૂચના અપાશે. બીજી તરફ શહેરની સ્થાનિક સંસ્થાઓ દ્વારા પણ આ મામલે અગાઉ રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ પગલા ન લેવાતા હોવાનો રોષ પ્રવર્ત્યો છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે પણ અગાઉ ઠંડીની સીઝનને ધ્યાને લઈ શાળાના સમયમાં બદલાવ લાવવા રજૂઆત કરી હતી. આમ છતાં કોઈ પગલા લેવાતા ન હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હેઠળ ૨૭૦૦ ઘરોને આવરી લેવાયા

રોજ અઢી હજાર કીલો વેસ્ટ ડમ્પીંગ સાઈટ પર ઠાલવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૪

ગુડા દ્વારા હાથ ધરાયેલી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન યોજના અન્વયે ટી.પી. વિસ્તારના ૨૭૦૦ રહેણાંકને આવરી લેવાયા છે. ઘરેથી કચરો એકત્રિત કરવાની આ નમુનારૂપ કામગીરી અન્વયે રોજ અઢી હજાર કીલો કચરો ડમ્પીંગ સાઈટ પર ઠાલવવામાં આવે છે. આગામી દિવસોમાં જી.પી.એમ. ટ્રેકીંગ સિસ્ટમ પણ કાર્યરત થશે.

ન્યૂ ગાંધીનગરમાં પણ ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા નમૂનારૂપ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના ટી.પી. વિસ્તારમાં માળખાકીય સુવિધા પુરી પાડવા ઉપરાંત વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં હરિયાળી નિખારવા બગીચાઓના નિર્માણ સહિત જરૂરી ઠેકાણે પ્લાન્ટેશન પણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે ન્યૂ ગાંધીનગરમાં સ્થિત સોસાયટીઓમાં ઘરઆગંણે ગંદકી ન થાય તેવા આશયથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં વાહન મારફતે ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવામાં આવે છે. અત્યાર સુધી ટી.પી. વિસ્તારના વાવોલ, કુડાસણ, રાયસણ અને સરગાસણની સોસાયટીઓ સ્થિત ૨૭૦૦ જેટલા રહેણાંકને આવરી લેવાયા છે. રોજ અંદાજિત અઢી હજાર કિલો વેસ્ટ એકત્રિત કરી ડમ્પીંગ સાઈટ પર ઠાલવવામાં આવે છે. આગામી દિવસોમાં જી.પી.એસ. સિસ્ટમ પણ એક્ટીવ કરી દેવાશે. જેના આધારે કચરો એકત્રિત કરતા વાહનોનું લોકેશન પણ ઓનસ્ક્રીન જોવા મળશે.

...બદલાતા સમયમાં સ્વરક્ષણ માટે મહિલાઓને એન.સી.સી.ની તાલીમ જરૂરી

ઓલ ગુજરાત ગર્લ્સ બટાલીયનના એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર કેપ્ટન કવિતાને પ્રસંશનીય કામગીરી બદલ એવોર્ડ એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૪

આજના બદલાતા સમયમાં મહિલાઓ માટે સ્વરક્ષણની બાબત મુખ્ય બની છે. સ્વરક્ષણ ઉપરાંત પર્સનાલીટી ડેવલપમેન્ટ અને કોમ્યુનિકેશન સ્કીલ વિકસાવવા માટે એન.સી.સી.ની તાલિમ અનિવાર્ય બની હોવાનું ગુજરાત ગર્લ્સ બટાલીયનના એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર કવિતા રામદેવપુત્રાએ જણાવ્યું હતું. તેમને આગામી પ્રજાસત્તાક દિનના રોજ ડિરેકટર જનરલ રેકમન્ડેશન એવોર્ડ પણ એનાયત કરવામાં આવનાર છે.

ગાંધીનગરના કવિતા જોબનપુત્રાને એન.સી.સી. ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે.

આજના બદલાતા આધુનિક યુગમાં મહિલા અત્યાચારના ગુન્હાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ગર્લ્સ સ્વરક્ષણ માટે જાગૃત બનેતે અત્યંત અનિવાર્ય છે. અલબત્ત એન.સી.સી. પણ સ્વરક્ષણ માટે મહત્વનું હોવાનું તેમણે જણાવ્યું છે. એન.સી.સી.માં ઓલ ગુજરાત ગર્લ્સ બટાલીયનની જવાબદારી સંભાળતા બાહોશ કેપ્ટન કવિતા ચિરાગ રામદેવપુત્રાએ મહિલાઓને એન.સી.સી. માટે અવેર કરવા નોંધપાત્ર કામગીરી કરી છે. જેના પરિણામે રાજ્યમાં ૨ હજાર યુવતિઓ આ તાલીમમાં જોડાઈ છે. તેમણે જણાવ્યું હતું કે એન.સી.સી.માં યુવતિઓને ફાયરીંગની તાલિમ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત વ્યકિતત્વ વિકાસ માટે પણ આ તાલિમ મહત્વની હોય છે તેમને આગામી પ્રજાસત્તાક દિનની પરેડ દરમિયાન ડી.જી. લેફટનન્ટ જનરલ શ્રી પિલ્લાના હસ્તે ડિરેકટર જનરલ રીકમન્ડેશન માટેનો એવોર્ડ એનાયત કરાશે.

ત્રણ દિવસથી ગુમ પ્રૌઢનો મૃતદેહ કેનાલમાંથી મળ્યો

બનાસકાંઠાના વાવ વિસ્તારના પ્રૌઢે ઘરકંકાશથી કંટાળી ઝુંડાલ કેનાલમાં છલાંગ લગાવી હતી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે ૫૦ વર્ષીય પ્રૌઢનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં બનાસકાંઠાના વાવ વિસ્તારના પ્રૌઢ હોવાનું બહાર આવ્યું છે.

સામાજીક કારણોથી કંટાળી ઝુંડાલ કેનાલ પાસે આવીને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અકસ્માત મોતનો ગુનો નોંધી અડાલજ પોલીસે વધુ તપાસ આરંભી છે.

બનાસકાંઠા જિલ્લાના વાવ વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય સોમાભાઈ રવજીભાઈ ચૌહાણ ઘરેથી ત્રણ દિવસ પહેલા નિકળી ગયા હતા. ત્યારથી લાપતા સોમાભાઈની શોધખોળ બાદ પણ કાંઈ પત્તો મળ્યો ન હતો. દરમિયાન આજે સવારે કેનાલ સિકયુરીટી ગાર્ડને ઝુંડાલ નર્મદા કેનાલમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે તપાસ કરતાં આ મૃતદેહ સોમાભાઈનો હોવાનું બહાર આવ્યું હતું. સામાજીક કારણોમાં ગુંચવાઈને આપઘાત કરી નાંખ્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે.

દિલ્હી ગેંગરેપ પીડિતાને એ.બી.વી.પી.ની ૧૦૦૦ સહીઓ દ્વારા શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૪

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા દિલ્હી ગેંગરેપ પીડિત છોકરીને શ્રદ્ધાંજલિ અર્પવા અને દોષિતોને કડક સજા મળે તથા કડક કાયદો આવે તે માટે ગાંધીનગરમાં સફેદ કપડા ઉપર સહીઓ કરી જન આક્રોશને પ્રદર્શિત કરતો કાર્યક્રમ યોજાઈ ગયો.

ગાંધીનગરના ઘ-૬ના સર્કલ પાસેના બસ સ્ટેન્ડ પર જાહેર જનતાના તથા વિદ્યાર્થીઓના સહકારથી એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા સફેદ કાપડ ઉપર સહીઓ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. અભિયાનમાં ૧૦૦૦ જેટલી સહીઓ સફેદ કાપડ ઉપર થઈ હતી. દેશભરમાં દિલ્હી ગેંગરેપ પીડિત છોકરીને શ્રદ્ધાંજલિ અર્પવા અને દોષિતોને કડક સજા મળે તે માટે તથા આવા દોષિતો માટે કડકમાં કડક કાયદો આવે તેવા અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરના એ.બી.વી.પી.ના પ્રદેશ કાર્યાલય મંત્રી મહાવીરસિંહ, ગાંધીનગર પ્રમુખ પાર્થ ઠક્કર અને પ્રદેશ કારોબારી સદસ્ય મેહુલ પ્રજાપતિના નેતૃત્વ હેઠળ સહી અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. ૩૦ જેટલા એ.બી.વી.પી.ના કાર્યકર્તાઓ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા અને જનસમૂહની સહીઓ એકત્રીત કરી પીડિતા સામે સમર્થન મેળવ્યું હતું.

ભૂતપૂર્વ સૈનિક રેલીનું આજે આયોજન

ગાંધીનગર, તા. ૪

અમદાવાદ આર્મી કંટોન્મેન્ટ ગોલ્ડન કટાર વિભાગે ભૂતપૂર્વ સૈનિકોના કલ્યાણાર્થે તા.૫મી જાન્યુઆરી ૨૦૧૩ને શનિવારના રોજ સવારે ૯ કલાકે રોલી સ્ટેડીયમ, શાહીબાગ આર્મી કેન્ટોન્મેન્ટ અમદાવાદ ખાતે ભૂતપૂર્વ સૈનિક રેલીનું આયોજન કર્યું છે. જેમાં વીર નારીઓ, પૂર્વ સૈનિકોની વિધવાઓ તથા વિકલાંગ પૂર્વ સૈનિકોનું અભિવાદન કરવામાં આવશે. આ પ્રસંગે ભૂતપૂર્વ સૈનિક યોજનાઓ, પુનઃ રોજગાર સંબંધિત યોજનાઓ વગેરેનુ માર્ગદર્શન આપવામાં આવશે.

વિષ્ણુ મહાયજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઘનશ્યામભાઈ ત્રિવેદીના સુપુત્ર સૌરભકુમાર ત્રિવેદીના નિવાસ ૩૩, વિરાટનગર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પિતૃ કૃપાર્થે ત્રણ દિવસના વિષ્ણુ મહાયજ્ઞનું આયોજન કર્યું છે. તા. ૪થી જાન્યુઆરીથી પ્રારંભાયેલા વિષ્ણુ મહાયજ્ઞની પૂર્ણાહુતી ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ સાંજે ૪ કલાકે થશે. બળવંતરાય શુકલના આચાર્યપદે યોજાનાર વિષ્ણુમહાયજ્ઞ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌ સ્નેહીજનો અને બ્રહ્મબંધુઓને ખાસ જણાવાયું છે.

આજે જૈનસમાજની મૌન રેલી, કલેકટરને આવેદનપત્ર અપાશે

ગાંધીનગર, તા. ૪

ભરૂચ ખાતે જૈન સમાજના પૂ. સાધ્વીજી ભગવંતોની અકસ્માત હત્યા, ગીરનારની પૂજ્ય સાધુ ભગવંત પર થયેલ હૂમલાઓ અને ભૂતકાળમાં પણ અનેક સાધુ સાધ્વીજીઓના અકસ્માત મૃત્યુના બનાવો બનેલાં છે. હવે પદયાત્રાથી વિહાર કરતાં સાધુ સમાજની સલામતીની વિચારણા કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. હિન્દુ ધર્મમાં પણ પદયાત્રાઓ નીકળે છે. આથી સાધુ સમાજ તથા પદયાત્રીઓ માટે અલગ માર્ગ વ્યવસ્થા તથા સલામતીની માંગણી કરે છે. સાધુ સમાજમાં હત્યાનો ભય ફેલાવતા તત્ત્વો સામે પગલાં લેવાની માગણી ગાંધીનગર સમસ્ત જૈન સમાજ કરે છે.

આ માંગણીઓને વાચા આપવા મૌન રેલી દ્વારા આવેદનપત્ર આપવા માટે તા.૫મી જાન્યુઆરી સવારે સેકટર-૨૨ જૈન દેરાસરથી નીકળી સેકટર-૧૭ અને ઘ-૪ થઈ કલેકટરશ્રીને આવેદનપત્ર અપાશે.

ચરેડી વિસ્તાર ગંદકીથી ખદબદી રહ્યો છે

ગાંધીનગર, તા.૪

વાયબ્રન્ટ સમિટના પગલે ગાંધીનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે ત્યારે ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચરેડી પાણીની ટાંકી વિસ્તારમાં કચરાના ઢગ ખડકાયા છે. કચરાના ઢગના કારણે આસપાસના વિસ્તારમાંથી પસાર થતા લોકોને નાક ઉપર રૂમાલ ફરજીયાત રાખવો પડે છે.

શહેરના આંતરિક માર્ગો ફુલ છોડથી શોભી રહ્યા છે. પરંતુ ઘ-૭થી પાણીની ટાંકી (ચરેડી) તરફ જવાના માર્ગની સામેની બાજુએ કચરાના ઢગ ખડકાયેલા છે. આ કચરાના ઢગમાં મૃત પશુ પક્ષીઓ પણ જોવા મળે છે. ત્યાંથી પસાર થતા લોકોને નાક ઉપર રૂમાલ રાખવાની ફરજ પડે છે તો બીજી તરફ મૃત પશુ પક્ષીઓનો અન્ય જગ્યાએ નિકાલ થાય તેમજ આસપાસના રહિશોને ભયંકર દુર્ગંધથી મુકિત મળે તેવી તંત્રએ કાળજી લેવી જોઈએ તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

પ્રગતિ લારી પાથરણા મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના જૂના સચિવાલય પાસેના મીના બજાર ખાતેના પ્રગતિ લારી પાથરણા મંડળની તાજેતરમાં સાધારણ સભા મળી હતી. જેમાં મંડળના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રગતિ લારી પાથરણા મંડળ મીના બજારની સાધારણ સભા મહેન્દ્રભાઈ જોષીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે તુલસીભાઈ માળી, અધ્યક્ષ તરીકે રમેશભાઈ ઠક્કર, ઉપપ્રમુખ તરીકે કનુભાઈ વાલેરા, મહેન્દ્રભાઈ જોષી, મહામંત્રી તરીકે અરવિંદકુમાર વાઘેલા, સહમંત્રી તરીકે વિનોદભાઈ મીર, ખજાનચી તરીકે રાજેન્દ્રકુમાર સોનારા, સહ ખજાનચી તરીકે રસિકલાલ રૂપાલા, સંગઠન મંત્રી તરીકે સુરેશભાઈ વાલેરા, સલાહકાર તરીકે નરેન્દ્રભાઈ શાહની તથા કારોબારી સભ્યોમાં નરેશભાઈ વણજારા, ચેતનભાઈ માલી, કિશનભાઈ ભીલ, ઝાકિરહુસેન મલેક, મેહુલભાઈ સોલંકી, મિલનભાઈ મકવાણા અને શફીમહંમદ મોગલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ (વર્ગ-૩) ગાંધીનગરના પ્રતિનિધિ મંડળે આજે પ્રધાન મંડલમાં નવ નિયુકત શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની મુલાકાત લઈ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન સહ શુભેચ્છા પાઠવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧

સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૨૫.૮ ડિ.સે.

લઘુત્તમ : ૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ટેબલ નં.૨૧ : ૧૦.૦૦,૧૨.૩૦,૨.૪૫,૫.૦૦,૭.૩૦,૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજધાની એક્ષપ્રેસ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

સીઝેડ ૧૨ (હિન્દી) : ૧૧.૩૦, ૨.૦૦

સીઝેડ ૧૨ (અંગ્રેજી) ૭.૧૫

દેહરાદૂન ડેરી : ૪.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

દબંગ-૨ : ૨.૪૫

ટેબલ નં.૨૧ :૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સીઝેડ-૧૨ (હિન્દી) :૯.૩૦, ૧૨.૦૦, ૫.૦૦, ૧૦.૦૦

દેખા જો પહેલી બાર : ૨.૩૦

લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :

દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

રાજધાની એક્ષપ્રેસ : ૧૦.૩૦,૧.૦૦,૩.૩૦,૬.૦૦,૮.૩૦,૧૦.૪૫

: સ્ક્રીન-૪ :

ટેબલ નં.૨૧ :૯,૧૧.૧૫,૧.૩૦, ૩.૪૫, ૬, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

માયા હું છું તારા પ્રેમ દિવાનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

સીઝેડ-૧૨ (જાબાઝ ખેલાડી) : ૧૦.૩૦, ૧.૦૦, ૬.૪૫, ૯.૪૫

ટેબલ નં.૨૧ : ૪.૦૦

: સ્ક્રીન-૩ :

ટેબલ નં.૨૧ : ૧૦.૩૦, ૬.૩૦, ૯.૩૦

રાજધાની એક્ષપ્રેસ : ૧૨.૩૦, ૩.૩૦

ચિરાગ, કલોલ

હું દિવાનો તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

● શ્રી સમસ્ત પ્રજ્ઞા પરિવાર અભ્યુદાન ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સામાજિ- સાંસ્કૃતિ કાર્યક્રમ સાંજે ૬.૦૦ કલાકે.

આપની આજ

મેષ : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. નંદુબા બેચરજી વાઘેલા (ઉ.વ. ૭૦)મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દશરથસિંહ કેશરીસિંહ રાણા (ઉ.વ. ૭૦)મુ.પો.ધરમપુર (ભુંડિયા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામજીભાઈ ધનજીભાઈ મકવાણા (ઉ.વ. ૭૨)પ્લોટ નં. ૧૪૦૭/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. રાજેન્દ્રકુમાર શકરાભાઈ ભાવસાર (ઉ.વ. ૫૦)પ્લોટ નં. ૧૬૨૨/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. જીવતીબેન દેવજીભાઈ જોગીયા (ઉ.વ. ૯૬) મકાન નં. ડી/૧૦૬, પાર્શ્વનાથ રૉયલ રેસીડેન્સી, મુ.પો. અડાલજ, ગાંધીનગર.
- સ્વ. શાકરબેન રમણભાઈ પટેલ(ઉ.વ. ૬૨)પ્લોટ નં. ૧૨/બી, સેક્ટર-૨/એ, ગાંધીનગર.